# TO BE UPLOADED ON WEB-SITE

**ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ માટેની કુલ ૦૯ જગ્યાઓ તથા અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ ની કુલ ૧૩ જગ્યાઓ માટેની હંગામી, કમચલાઉ તથા કરાર આધારીત નિમણૂંક શૈક્ષણિક લાયકાત, સુચનાઓ, શરતો તથા અરજીનો નમુનો**

**શૈક્ષણિક લાયકાત –**

(૧) ઉમેદવાર સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ.

(૨) ગુજરાતી સ્ટેનોગ્રાફર માટે ગુજરાતી લઘુલિપીની ૭૫ શબ્દ ઝડપની પરિક્ષા જી.સી.સી. ધ્વારા પાસ કરેલ હોવા જોઈએ અને ગુજરાતી ટાઈપીગની ૨૫ શબ્દ ઝડપની પરિક્ષા જી.સી.સી. ધ્વારા પાસ કરેલ હોવા જોઈએ.

(૩) અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે અંગ્રેજી લઘુલિપીની ૧૦૦ શબ્દ ઝડપની પરિક્ષા જી.સી.સી. ધ્વારા પાસ કરેલ હોવા જોઈએ અને અંગ્રેજી ટાઈપીગની ૩૦ શબ્દ ઝડપની પરિક્ષા જી.સી.સી. ધ્વારા પાસ કરેલ હોવા જોઈએ.

**સૂચનાઓ**

(૧) અરજી સાથે શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ઉંમર દર્શાવતા (શાળા છોડયાનું પ્રમાણપત્ર) તથા અન્ય દસ્તાવેજોની ખરી નકલો જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજી રજીર્સ્ટડ એ.ડી., સ્પીડ પોસ્ટ અગરતો માન્ય કુરીયર મારફત મોકલવાની રહેશે. રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) અરજી મોકલવાની છેલ્લી તારીખ ૦૩.૧૧.૨૦૨૩ છે. ત્યારબાદ મળેલી અરજીઓને ઘ્યાને લેવામાં આવશે નહી. જેમાં પોસ્ટ ધ્વારા કે કુરીયર સર્વિસ ધ્વારા અરજી મોકલવામાં થયેલ વિલંબને ઘ્યાને લેવામાં આવશે નહી.

(૪) ઉમેદવારની પસંદગી લઘુલીપી તથા ટાઈપીગ ટેસ્ટના પરિણામના આધારે કરવામાં આવશે અને જરૂર પડશે તો મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

(૫) શારીરીક ખોડખાંપણ વાળા ઉમેદવારોને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

**શરતો**

(૧) સદરહું નિમણૂંક તદ્દન હંગામી, કામ ચલાઉ અને કરાર આધારીત રહેશે જેમાં ઉમેદવારને કાયમી થવાનો કોઈ હકક રહેશે નહી અને તે બાબતનું ઉમેદવારે નિમણૂંક થયા પૂર્વે બાહેધરી પત્ર આપવાનો રહેશે.

(૨) ઉમેદવારને નિમણૂંક મળ્યા બાદ ન્યાયાધીશશ્રીઓ પાસે ડીકટેશન લઈ કોમ્પ્યુટર પર ટાઈપ કરવાનું રહેશે અને ટાઈપ કરેલા પાનાને ઘ્યાને લઈ રૂપીયા ૨૦/– પ્રતિ પાનાના દરે મહેનતાણુ દરેક માસના અંતે ચૂકવવામાં આવશે.

(૩) ઉમેદવારે મહેનતાણા માટે માસના અંતે કરેલ કામનો રીપોર્ટ ન્યાયાધીશશ્રીઓ ધ્વારા પ્રમાણીત કર્યા બાદ જિલ્લા ન્યાયાલય, વડોદરાને આપવાનો રહેશે અને તે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

(૪) પસંદગી થયેલા ઉમેદવારની કામગીરી જો સંતોષકારક નહી જણાય અગરતો અન્ય કોઈ વહીવટી બાબતોને લીધે ગમે ત્યારે છૂટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર છૂટા કરવામાં આવશે જેનો અબાધીત હકક જિલ્લા ન્યાયાલય, વડોદરાને રહેશે અને તે બાબતનું બાહેધરી પત્ર નિમણૂંક પહેલા ઉમેદવારે આપવાનું રહેશે.